વંચાણે:- ૧. શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના શ્ર.આ./ટે.3/પર૫/૨૦૨૪, તા.03/૧૦/૨૦૨૪
૨. મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના શ્ર.આ./ટે.3/પર૬-૫૪૬/૨૦૨૪, તા.03/૧૦/ ૨૦૨૪

## :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી હસ્તકની જુદી-જુદી શિક્ષણ, સંશોધન, તથા વિસ્તરણની તમામ કચેરીઓ તથા તમામ યુનિટ/સબ યુનિટની કચેરીઓને જણાવવાનુ કે, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના ઉકત વંચાણે લીધેલ ક્રમ નં.૧ અને ૨ના પરિપત્રથી મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવાનુ ખાસ ભથ્થુ તા.૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.03.૨૦૨૫ સુધીના ૬(છ) માસના સમય માટે દૈનિક રૂ.૧.00(અંકે રૂપિયા એક પુરા)ઘટાડો જાહેર કરવામાં આવેલ છે પરંતુ કાળજીપુર્વકની વિચારણાને અંતે ખાસ ભથ્થાના હાલના પ્રવર્તમાન દરો તા.૩૧.03.૨૦૨૫ સુધી યથાવત રાખવા અંગે ઠરાવવામાં આવતા **તા.૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.03.૨૦૨૫ સુધીના દૈનિક દર યથાવત રાખી નીચેની વિગતે ચૂકવવાના થાય છે.**

**તા.૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.03.૨૦૨૫ સુધીના સમયગાળા માટે ચૂકવવાના થતા દૈનિક દર**

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર રૂપિયા | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧. | કુશળ | ૪૭૪.00 + ૩૫.00 =૫૦૯.00 | ૪૬૨.00+ ૩૫.00 =૪૯૭.00 |
| ૨. | અર્ધ કુશળ | ૪૬૨.00+ ૩૫.00 =૪૯૭.00 | ૪૫૨.00 + ૩૫.00 =૪૮૭.00 |
| ૩. | બિન કુશળ | ૪૫૨.00 + ૩૫.00 =૪૮૭.00 | ૪૪૧.00+ ૩૫.00 =૪૭૬.00 |

**વંચાણે લીધેલ ક્રમ-૨ થી જાહેરનામાના હેતુ માટે નીચે મુજબનુ સ્પષ્ટીકરણ કરેલ છે.**

**ઝોન-૧ :** ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદો ની અંદર ના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલીકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

**ઝોન-૨**માં, ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયના તમામ વિસ્તારનો સમાવેશ થશે.

**પ્રસ્તુત, પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૮૪૪૨-૯૧/૨૦૨૪.**
**નવસારી. તારીખ:૨૫/૧૦/૨૦૨૪.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ
૨. સિક્યુરીટી એજન્સી(મારફત : સંશોધન નિયમકશ્રી) તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.
વધુમાં જણાવવાનુ કે ઉપરોકત દર સિક્યુરીટી ગાર્ડને પણ લાગુ પડશે જેની જાણ તથા અમલ થવા સારૂ.

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં.૧૧,૧૨ અને ૧૪, બીજો માળ
ઉદ્યોગ ભવન – સેક્ટર ૧૧
ગાંધીનગર
Website :- www.col.guj.gov.in
Email :- labourbranch6@gmail.com

ક્માંક:શ્ર.આ.૬/ટે.૩/૫૨૧/૨૦૨૪ તા. ૩/૧૦/૨૦૨૪

# પરિપત્ર

## કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળના લઘુત્તમ વેતન દર બહાર પાડવા બાબત.

આથી જણાવવાવમાં આવે છે કે, કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસૂચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે-તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસૂચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાના થતા લઘુત્તમ વેતનના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૨૪-૦૪-૨૦૨૩થી અમલમાં છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

**આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ**

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોપોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

ADM 3.1

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ.,નવસારી
૪૨૯૯
24 OCT 2024
એડીએમ-૩ શાખા

Scanned with OKEN Scanner

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામા આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. જે ધ્યાને લઇ તા.૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.૦૩.૨૦૨૫ના આ સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દરમાં રૂ.૧.૦૦/-નો ઘટાડો થયેલ છે પરંતુ કાળજીપૂર્વકની વિચારણાના અંતે ખાસ ભથ્થાના હાલના પ્રવર્તમાન દરો તા.૩૧.૦૩.૨૦૨૫ સુધી યથાવત રાખવા આગ્રહ ભરી અપીલ કરવામાં આવે છે. જે ધ્યાને લેતાં હાલના ખાસ ભથ્થાના પ્રવર્તમાન દરો તા.૩૧.૦૩.૨૦૨૫ સુધી યથાવત્ રહેશે. મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા ૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના ૬ (છ) માસના સમય માટે દૈનિક રૂ.૩૫.૦૦/- (અંકે પાંત્રીસ રૂપિયા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સત્તાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

(સહી)
શ્રમ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંક:શ્ર.આ.૬/ટે-૩/૫૨૬ થી ૫૪૬/૨૦૨૪ તા. ૩/૧૦/૨૦૨૪

નકલ રવાનાઃ

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાધીનગર.

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ (તાબાની કચેરીઓને જાણ કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ,૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી. સેલ.

(૪) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

રવાના કરવા પ્રમાણિત કર્યુ

(સહી)
મદદનીશ શ્રમ આયુકત,
ગુજરાત રાજય,ગાંધીનગર

Scanned with OKEN Scanner